જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૧/૨૦૧૪ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તેમજ જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** સમાચાર યાદી નં.૨૮૧૬/૧૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૮ કેસ કરી ૫૯ વ્યક્તિઓને ઝડપી ૬૪૧ લીટર દેશી દારૂ, ૧૨૫ બોટલ ઇગ્લીશ દારૂ, ૪૮ ક્વાર્ટર ઇગ્લીશ દારૂ, અને ૫૪ બિયર ટીન, ૦૧ સ્કુટર, ૦૧ મોટર સાયકલ, ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૬૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** સમાચાર યાદી નં.૨૮૧૭/૧૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** સમાચાર યાદી નં.૨૮૧૮/૧૪

**શાહીબાગ :** શંકરભાઇ ડુંગરભાઇ બામણીયા (રહે,અસારવા તળાવ પાસે, કાચા છાપરામાં, રેલ્વે યાર્ડની બાજુમાં, અસારવા, શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૧/૧૪ નાં કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી અજાણી વ્યક્તિ પોતાની પુત્રી કલ્પનાબેન (ઉ.વ.૧૭) નું અપહરણ કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી એમ બી ખીલેરી ચલાવે છે.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :-** સમાચાર યાદી નં.૨૮૧૯/૧૪

**બાપુનગર :** માયાબહેન રઘુપતભાઈ પહેલવાન (કુશ્વા)(ઉ.વ.૫૨)(રહે.અમીધારા એપાર્ટમેન્ટ, રામીની ચાલી, રખિયાલ) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૧/૧૪ બપોરનાં ૧/30 વાગ્યાના સુમારે બાપુનગર, રાજીવનગરના બગીચા પાસે રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન બે અજાણ્યા પુરૂષ (૧૯ થી ૨૦ વર્ષના આશરાના) માયાબહેનને વિશ્વાસમાં લઇ પોતાની પાસેનું નકલી રૂપિયાના બંડલ માયાબહેનને આપી યુકતિ પ્રયુક્તિ વાપરી માયાબહેને પહેરેલ સોનાની ચેઇન તેમજ સોનાની બુટ્ટી કિંમત રૂપિયા 30,000/- કઢાવી લઇ માયાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.પટેલ ચલાવે છે.

**ઘરફોડ :-** સમાચાર યાદી નં.૨૮૨૦/૧૪

**ઓઢવ :** મોહનભાઇ નારણભાઇ પટેલ (રહે.શીવ પુજન ટેનામેન્ટ, કુંજ મોલ પાછળ, નવા નિકોલ, ઓઢવ) એ તા.૧૬/૧૧/૧૪ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૧/૧૪ સવારનાં ૫/૦૦ થી તા.૧૬/૧૧/૧૪ બપોરનાં ૧૨/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાની જાળી ખોલી, મુખ્ય દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.એસ.બારીયા ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૮૨૧/૧૪</u>**

**કાગડાપીઠ :** મુકેશભાઇ અમરાભાઇ ગોહેલ (રહે.સિધ્ધી એપાર્ટમેન્ટ, કબાડી માર્કેટ-૨, બહેરામપુરા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૧૧/૧૪ નાં કલાક ૪/૦૦ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન અજાણી વ્યક્તિ પોતાના ખુલ્લા ઘરમાં પ્રવેશ કરી સોનાની ચેઇન, ટેબલેટ, મોબાઇલ ફોન અને રોકડ રૂપિયા ૧૫૦૦/- મળી કુલ રૂપિયા ૪૧,૦૦૦/- મતાની તેમજ જરૂરી દસ્તાવેજો સાથેના કુલ-૩ પાટીકની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.વાઘેલા ચલાવે છે.

**<u>ઝાડની ડાળીએ ગળેફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૮૨૨/૧૪</u>**

**દાણીલીમડા :** તા.૧૬/૧૧/૧૪ સાંજના ૫/૩૫ વાગ્યાના સુમારે કેલીકો મીલ અંદર કંમ્પાઉન્ડમાં અરડુસીના ઝાડાની ડાળ સાથે એક અજાણ્યો પુરૂષ (ઉ.વ.૩૫) નાં આશરાનો દુપટ્ટા વડે ગળેફાંસો ખાધેલ હાલતમાં દાણીલીમડા પોલીસને મળી આવતાં આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જેશીંગભાઇ મોતીભાઇ ચલાવે છે.

**<u>વાહન અકસ્મતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૮૨૩/૧૪</u>**

**નરોડા :** લક્ષ્મણભાઇ સુબ્રતી પટેલ (ઉ.વ.૪૦)(રહે.કાચા છાપરાંમાં, નરોડા બેઠક પાસે, નરોડા) ને તા.૧૫/૧૧/૧૪ સાંજનાં ૫/૦૦ વાગ્યાના સુમારે નરોડા જી.આઇ.ડી.સી. ઇંગરસોલ ચાર રસ્તા ગ્લોબલ કંપની સામે અજાણ્યા ક્રેઇન ચાલકે ક્રેઇન બેદરકારીથી ચલાવી લક્ષ્મણભાઇને ટક્કર મારતાં શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને હોસ્પીટલમાં લઇ જતાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નરોડા પોલીસે અજાણ્યા ક્રેઇન ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એસ.અસારી ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૮૨૪/૧૪</u>**

**બાપુનગર :** રાજુભાઈ કનૈયાલાલ બારોટ (ઉ.વ.૫૦)(રહે.ગુ.હા.બોર્ડ, નવરંગ ફલેટની આગળ, બાપુનગર) એ તા.૧૫/૧૧/૧૪ સાંજના ૭/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઈ કારણસર કોઈ ઝેરી પ્રવાહી પી જતા સારવાર અર્થે તેમને શારદાબહેન હોસ્પીટલમાં દાખલ કરેલ. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૧૧/૧૪ સાંજનાં ૬/૦૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ.આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.ખાંટ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.